# સરદાર પટેલ યુનિવર્સિટી
## હિન્દીની અભ્યાસ સમિતિની સભા
## કાર્યનોંધ

હિન્દીની અભ્યાસ સમિતિની સભા તારીખઃ ૨/૯/૨૦૨૫ ના રોજ ૦૨.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડ(ગ્રાઉન્ડ ફ્લોર) માં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતા.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. દિલીપ મહેરા (અધ્યક્ષ) | ૫. | ડૉ. હસમુખભાઇ પરમાર |
| ૨. | ડૉ. ભગવાનસિંહ જે.સોલંકી | ૬. | ડૉ. ભીખુભાઇ એમ. પટેલ |
| ૩. | ડૉ. અનિલાદેવી મિશ્રા | ૭. | ડૉ. પ્રેમચંદ કોરાલી |
| ૪. | ડૉ. હમીરભાઇ પી. મકવાણા | ૮. | ડૉ. જ્યોત્સ્નાબેન પટેલ |

સભાની શરૂઆતમાં અધ્યક્ષશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખઃ ૩/૧/૨૦૨૪ ના રોજ મળેલ હિન્દીની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૩/૧/૨૦૨૪ ના રોજ મળેલ હિન્દીની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે NEP-2020 અને ચોઇસ બેઇઝ્ડ ક્રેડિટ સિસ્ટમ અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં લેવાનારી યુનિવર્સિટીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી નિયમાનુસાર તૈયાર કરી સુધારા સહિત ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy – 2020 (NEP-2020) મુજબના હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમા અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રક્ચર (માળખું) તૈયાર કરવા ચર્ચા વિચારણા કરી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના આદેશાનુસાર **National Education Policy – 2020 (NEP-2020)** મુજબના હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના તૈયાર કરેલ સુધારા વધારા સહિતના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ ના અભ્યાસક્રમો અને તેનું સ્ટ્રક્ચર (માળખું) તૈયાર કરવા નીચે દર્શાવેલ કમિટીની રચના કરવી અને તેનો અમલ જૂન- ૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

ચાલુ. . .

**સ્નાતક કક્ષાના સાતમાં અને આઠમાં સેમેસ્ટરના અભ્યાસક્રમની કમિટી**

(૧) ડૉ. નીના શર્મા(આવાહક) આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ
(૨) ડૉ. વિનુભાઇ ચૌધરી, ભીખાભાઇ પટેલ આર્ટ્સ કોલેજ, આણંદ
(૩) ડૉ. ગિરીશભાઇ રોહિત, રજની પરીખ આર્ટ્સ કોલેજ, ખંભાત
(૪) ડૉ. હસમુખ પરમાર, અનુ. હિન્દી વિભાગ, વલ્લભ વિદ્યાનગર

વધુમાં કમિટીએ તૈયાર કરેલ અભ્યાસક્રમોને સુધારા વધારા સહિત મંજૂર કરવા અને તેનો અમલ જૂન-૨૦૨૬ થી ક્રમશઃ કરવો.

**કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યોની માહિતીઃ**

૪. સરકારશ્રીના આદેશાનુસાર National Education Policy -2020 (NEP – 2020) મુજબના હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક કક્ષાના પાંચમાં અને છઠ્ઠા સેમેસ્ટરના અભ્યાસક્રમ અને તેનું સ્ટ્રક્ચર (માળખું) નો અમલ જૂન-૨૦૨૫ થી કરવાનો હોવાથી વિવિધ સત્તા મંડળોની મંજૂરીની અપેક્ષાએ કુલપતિશ્રી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે સદર બાબતની નોંધ લેવામાં આવી

નંબરઃ ડી/અ/ 5776
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૨૬/૭/2025

નાયબ કુલસચિવ

પ્રતિઃ
હિન્દીની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તથા હિન્દીની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયોની પરીક્ષકોની યાદી સુધારા અર્થે ચેરમેનશ્રીને મોકલી આપવા સારૂ.